બાળકો અને નવયુવાનો માટે

# હાદી

માસિક

જમાદીઉલ અવ્વલ, હીજરી સન ૧૪૩૧,
એપ્રિલ - ૨૦૧૦





રૂ. 30/-

# અલ્લાહના નેક નામો

إِنَّ اللَّهَ هُوَ

# الرَّزَّاقُ

# 'અર્રઝ્ઝાકો'

ذُو الْقُوَّةِ الْمَتِينُ

અલ્લાહતઆલાના વિશેષણોમાંથી એક ખુબ જ પ્રખ્યાત વિશેષણ 'અર્રઝ્ઝાકો' છે. આ વિશેષણનો સંબંધ બંદાઓ સાથે વધારે છે.

## મહત્વના અર્થ :

(૧) ખુબ મોટા પ્રમાણમાં રોજી-આજીવીકા આપનાર

(૨) સમગ્ર સૃષ્ટિના શારિરીક વિકાસ અને આધ્યાત્મિક ઉન્નતિના પરિબળો અને સાધનો પૂરા પાડનાર ઝાત.

## કુરઆનમાં આ વિશેષણના ઉદાહરણો :

કુરઆન મજીદમાં ઘણાં સ્થળોએ આ વિશેષણનું વર્ણન કરવામાં આવ્યું છે. દા.ત. એક સ્થળે કહેવામાં આવ્યું છે કે : **ઈન્નલ્લાહા હો-વર્રઝ્ઝાકો-ઝુલ-કુવ્વતુલ-મતીન.**

અનુવાદ : નિઃશંકપણે અલ્લાહ જ આજીવિકા આપનાર છે અને તે જ શક્તિ અને સંપૂર્ણ પ્રભુત્વ ધરાવે છે.

## માઅસૂમીન અ.સ.ના કલેમાત :

કલેમાતે માઅસૂમીન અ.સ. (માઅસૂમીન અ.સ.ના કથનો) માં પણ આ વિશેષણનો પ્રચૂર માત્રામાં પ્રયોગ થયો છે. દા.ત. માહે શાઅબાનની એક દુઆમાં છે કે 'ઈલાહી ઈન હરમ્તની-ફ-મનઝલ્લઝી-યરકઝની'

અનુવાદ : હે મારા માઅબૂદ ! જો તું જ મને આજીવિકાથી વંચિત રાખીશ તો પછી કોણ મને આજીવિકા આપશે ?'

## આ નામની ખાસિયતો અને ફાયદા :

(૧) જો કોઈ વ્યક્તિ પોતાના ઘરના ચારે ખૂણાંઓમાં એક - એક વખત 'યા રઝ્ઝાકો'નું વિર્દ કરે તો ગરીબાઈ અને દરિદ્રતા તેના ઘરમાંથી ખત્મ થઈ જશે.

(૨) 'યા રઝ્ઝાકો' નું ઘણાં મોટા પ્રમાણમાં વિર્દ (રટણ) કરતાં રહેવાથી આજીવિકાની વિશાળતા અને નફાની પ્રાપ્તિમાં ઘણો ફાયદો થાય છે.

(૩) એક કોલ એવો છે કે 'યા રઝ્ઝાકો' હઝરતે મીકાઈલ (અલ્લાહની આજ્ઞાથી આજીવિકા આપનાર ફરિશ્તાનું નામ) નું વિર્દ છે અને આનો વિર્દ કરનાર ઉપર ખુદાની નેઅમતો નાઝિલ થાય છે.

(૪) એક રિવાયતમાં છે કે ગુરૂવાર (જુમેરાત) ના દિવસે ૩૦૮ વખત 'યા રઝ્ઝાકો' નો વિર્દ કરવાથી આજીવિકામાં વૃધ્ધિ થાય છે.



E-mail : hadimasik@yahoo.com

જમાદીઉલ અવ્વલ, હીજરી સન ૧૪૩૧,
એપ્રિલ - ૨૦૧૦

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

જમાદીઉલ અવ્વલ માસનો અંક તમારા હાથમાં છે. આ માસમાં ચોથા ઈમામ હઝરત ઝૈનુલ આબેદીન અ.સ.ની અત્યંત પુણ્યશાળી વિલાદત છે. સિલસિલાએ ઈમામતના આ ચોથા હિદાયતના મિનારાની પુણ્યશાળી વિલાદતના પ્રસંગે અમે હૃદયપૂર્વક તમારી સેવામાં મુબારકબાદી અને શુભેચ્છા અર્પણ કરીએ છીએ.

આપના જીવન ચરિત્રમાંથી મુશ્કેલી વચ્ચે પણ સત્યને વળગી રહીને કેવી રીતે જીવન વિતાવવું તેનો બોધપાઠ મળે છે. આપે સતત મુસીબતો અને કષ્ટ વચ્ચે એવી રીતે ધીરજ અને ધૈર્યનો નમૂનો રજુ કર્યો કે જગતમાં તેની જોડ જડે તેમ નથી અને તે રીતે આપે ધૈર્યનું એવું પ્રદર્શન કર્યું જે દરેક વ્યક્તિ માટે પ્રેરણાસ્ત્રોત છે અને મુશ્કેલ પરિસ્થિતીઓ અને દુ:ખભર્યા જીવન વચ્ચે પણ પોતાના પાલનહારનો શુક્ર અદા કરતાં રહેવું તે તો સર્વશ્રેષ્ઠ અનુકરણીય નમૂનો છે.

દેખીતી રીતે તો આપે ઈબાદતની મહેરાબમાં બેસીને ફક્ત પોતાના માઅબૂદ સાથે રાઝો-નિયાઝની વાતો અને મુનાજાતોને જ પોતાનો જીવનમંત્ર બનાવ્યો હતો પરંતુ આ એક એવો જિહાદ હતો કે જેનાથી શાસકોના ઈરાદા ડગમગી ગયાં અને તેમણે જે કાવત્રા કરવાનું વિચાર્યું હતું તેના ઉપર પાણી ફરી વળ્યું અને આપે મહેરાબે ઈબાદતમાં બેસીને કરેલ રૂદનના આંસૂઓના પુરમાં અસત્ય (બાતિલ) નષ્ટ થઈ ગયું.

આવી રીતે મહેરાબે - ઈબાદતમાં બેસીને પોતાના માઅબૂદ સાથે આપે રાઝો-નિયાઝની જે વાતો કરી હતી તે વાતોનો "ઝબૂરે-આલે-મુહમ્મદ" સહીફએ-સજ્જાદિયાહ નામનો સંગ્રહ એક અમુલ્ય ખજાનો છે જે આપે આપણને આપ્યો છે કે જેની દુઆઓ દુન્યા અને આખેરત બંને માટે આપણી એક અગત્યની પુંજી છે.

વહાલા બાળકો ! પરિક્ષાઓનો ગાળો અંતિમ તબક્કામાં છે. આ દુઆઓની સહાયતા વડે જ તમે પોતાની સફળતાને નિશ્ચિત કરી લેજો. વેકેશનનો પણ ભરપૂર લાભ જ્ઞાન ઉપાર્જન માટે લેજો અને પોતાના વિસ્તારના ઉલ્મા હઝરત પાસેથી દીની જાણકારી મેળવીને પોતાના ધાર્મિક જ્ઞાનમાં ઉમેરો કરતાં રહેવા માટે પણ સતત પ્રયત્નશીલ રહેજો !!!

વસ્સલામ

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :
એ.પી. ગ્રાફીક્સ

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Bustan -E- Zehra Association
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com

# સૂરએ-નિસાઅ

કુરઆનના અત્યારના અનુક્રમ મુજબ આ કુરઆનનો ચોથો સૂરો છે. આ સૂરો મદીના શહેરમાં નાઝિલ થએલો છે અને તેમાં ૧૭૭ આયતો છે.

આ સૂરામાં સ્ત્રીઓના અધિકારો અને સ્ત્રીઓ સંબંધિત અહેકામો (શરીઅતની આજ્ઞાઓ) નું સવિસ્તાર વર્ણન છે. તેથી આ સૂરાને સૂરએ-નિસાઅ કહેવામાં આવે છે. આ સૂરામાં માનવ જીવનના અન્ય અનેક પાસાઓ અને મસલાઓનો પણ ઉલ્લેખ છે. તકવો (ખુદાથી ડરીને ચાલવું) ધારણ કરવાની પણ તાકીદ કરવામાં આવી છે. મનુષ્યની ઉત્પત્તિ અંગે પણ સવિસ્તાર વર્ણન છે. અનાથ બાળકોની સંપત્તિને - તેમના માલને ખાઈ નહીં જવાની પણ તાકીદ કરવામાં આવી છે. ચાર નિકાહ કરવાની પરવાનગી આ સૂરામાં જ આપવામાં આવી છે. મહેર અદા કરવાનો હુકમ- વારસાની વહેંચણીની પધ્ધતિની વિગતો - વ્યભિચારી સ્ત્રી અને પુરૂષની સજા - મુત્આનો હુકમ-ગુસ્લનો હુકમ અને તેની પધ્ધતિ આ સૂરામાં જ વર્ણવવામાં આવી છે.

આ સૂરો પઢવાની ઘણી તાકીદ કરવામાં આવી છે અને તેના સવાબનું પણ વર્ણન છે. રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે કે ‘જે પણ આ સૂરાની તિલાવત કરશે તેણે જાણે કે અલ્લાહના માર્ગે (રાહે ખુદામાં) પોતાની સંપત્તિનો ઘણો મોટો ભાગ આપી દીધો અને તે એટલા સવાબનો હકદાર થશે કે જેણે એક ગુલામને આઝાદ કર્યો હોય. હઝરત અલી અ.સ. ફરમાવે છે કે ‘જે વ્યક્તિ દરેક શુક્રવારની રાત્રી (શબે જુમ્આ) એ આ સૂરાની તિલાવત કરશે તે ફિશારે કબ્રથી સુરક્ષિત રહેશે.’’



# નેકીઓ (પુણ્યશાળી કાર્યો)

## (૧) અલ્લાહ ઉપર ભરોસો :

ખુદાવન્દે આલમે કુરઆન મજીદમાં ઈર્શાદ ફરમાવ્યું છે કે :

**વ-મયં-યતવક્કલા અલ્લલ્લાહે-ફ-હોવા-હસબા**

'જે અલ્લાહ પર તવક્કલ કરે છે (ભરોસો રાખે છે) તો બસ અલ્લાહ તેના માટે પૂરતો (કાફી) છે.'

રિવાયતમાં આવે છે કે એક પ્રશ્ન પૂછનારે ઈમામ અ.સ.ને આ આયતના અર્થઘટનની બાબતે પ્રશ્ન પૂછ્યો તો આપે ઈર્શાદ ફરમાવ્યું : 'ખુદા ઉપર ભરોસો રાખવાના દરજ્જાઓ છે. એક એ છે : સઘળા કાર્યોમાં તમે અલ્લાહ ઉપર તવક્કલ કરો - (ભરોસો રાખો) એટલે એ તમારી સાથે જે કાંઈ કરે તમે તેનાથી રાજી રહો. તમે જાણો છો કે તમે સારા-નરસાનો ભેદ પારખી શકતાં નથી અને તમે એ પણ જાણો છો કે આજ્ઞા આપવાનો હક તો તેને જ (અલ્લાહને જ) છે તેથી અલ્લાહ ઉપર સંપૂર્ણ ભરોસો રાખો અને પોતાની તમામ બાબતો અલ્લાહની મરજીને શરણે કરી દો અને સઘળી બાબતોમાં તેના (અલ્લાહના) ઉપર જ ભરોસો રાખો.'

## (૨) અલ્લાહનો આશ્રય (અલ્લાહનો સહારો લેવો તે)

ખુદાવન્દે આલમ કુરઆનમાં ઈર્શાદ ફરમાવે છે કે :

**વ-મયં-યઅતસિમબિલ્લાહે-ફકદ હદા-ઈલસ્સિરાતિલ મુસ્તકીમ**

'અને જે (કોઈપણ) વ્યક્તિ અલ્લાહનો આશ્રય લેશે (તો) નિઃશંકપણે તેને 'સિરાતે મુસ્તકીમ' (સત્યનો માર્ગ-સીધો રસ્તો)ની હિદાયત કરવામાં આવશે.'

જનાબ જાઅફરે સાદિક અ.સ.થી રિવાયત છે કે આપે ફરમાવ્યું છે કે 'ખુદાવન્દે આલમે હઝરત દાઉદ અ.સ. તરફ વહી મોકલી કે મારા બંદાઓમાંથી જે કોઈ પણ મારો સહારો લેશે અને મારી સૃષ્ટિમાંથી અન્ય કોઈનો સહારો સ્વીકારશે નહી તો હું આ વાત તેના અંતર (મન)માંથી જાણી લઈશ અને તે પછી પૃથ્વી અને આકાશ વચ્ચેની બધી વસ્તુઓ તેની સામે દગાબાજી કરે તો તે તમામ વચ્ચેથી હેમખેમ પસાર થઈ જવાનો માર્ગ હું તેના માટે બનાવી દઈશ, અને મારા બંદાઓમાંથી કોઈ બંદો મારી મખ્લૂકમાંથી કોઈનો સહારો લેશે તો હું તેના મનમાંથી આ વાત જાણી લઈશ અને તે પછી આકાશની તમામ વસ્તુઓ તેનાથી ઝુંટવી લઈશ અને પૃથ્વીને તેના માટે કષ્ટદાયી બનાવી દઈશ. (અને) મને એની કોઈ પરવા નથી કે તે કોઈ પણ જગ્યાએ પડીને ખત્મ થઈ જાય.'




# રસૂલે ખુદા

## સ.અ.વ.ના

## બાપ-દાદા

ઈતિહાસકારોએ આપ સ.અ.વ.ના બાપ-દાદામાં હઝરત અદનાન સુધીની ૨૧ પેઢીઓ સુધીના નામોનું વર્ણન કર્યું છે અને નીચેની ગોઠવણી અંગે બધા એકમત છે.

(૧) હઝરત અબ્દુલ્લાહ (૨) હઝરત અબ્દુલ મુત્તલિબ (૩) હઝરત હાશિમ (૪) હઝરત અબ્દેમનાફ (૫) હઝરત કૈસ (૬) હઝરત કિલાબ (૭) હઝરત મુર્રહ (૮) હઝરત કઅબ (૯) હઝરત લવી (૧૦) હઝરત ગાલિબ (૧૧) હઝરત ફહર (૧૨) હઝરત માલિક (૧૩) હઝરત નઝર (૧૪) હઝરત કનાનાહ (૧૫) હઝરત ખઝયમા (૧૬) હઝરત મુદ્રેકા (૧૭) હઝરત ઈલ્યાસ (૧૮) હઝરત મઝર (૧૯) હઝરત નઝાર (૨૦) હઝરત મઅદ (૨૧) હઝરત અદનાન.

હઝરત અદનાનથી ઉપર હઝરત ઈબ્રાહીમ અ.સ. સુધી અને હઝરત ઈબ્રાહીમ ખલીલ અ.સ.થી લઈને હઝરત આદમ સફીયુલ્લાહ અ.સ. સુધીની ગોઠવણીની બાબતે મતમતાંતર છે. આ બાબતમાં હઝરત પયગમ્બર અ.સ.ની રિવાયત પણ બયાન કરવામાં આવી છે કે 'ઈઝા બલ્ગાનસબી ઈલા અદનાન-ફમ્સેકૂ' (જ્યારે મારા વડીલોમાં (બાપ-દાદામાં) હઝરત અદનાન સુધી પહોંચી જાવ તો ત્યાં રોકાઈ જાવ - તેનાથી આગળ વધવાની જિજ્ઞાસા ન દાખવો.


E-mail : hadimasik@yahoo.com

## હવે અમે આપના વડીલો (બાપ-દાદા) પૈકી કેટલાંક વિષે સંક્ષિપ્તમાં વર્ણન કરીશું :

### - જનાબ અબ્દુલ મુત્તલિબની વફાત :

હઝરત હાશિમની વફાત પછી તેમના ભાઈ મુત્તલિબ પછી તેમના સુપુત્ર શયબાને કે જેમને લોકો અબ્દુલ મુત્તલિબ કહેતાં હતાં તેમને કુરૈશ (કબીલા - જ્ઞાતિ)ની સરદારી સોંપવામાં આવી હતી. હઝરત અબ્દુલ મુત્તલિબ પોતાના અંગત શ્રેષ્ઠ ગુણો અને ફઝીલતોને કારણે ખુબ જ લોકપ્રિય હતાં અને એક સન્માનનીય પદ ધરાવતાં હતાં. તેઓ લાચાર અને મજબૂર લોકોના સમર્થક અને તેમના રક્ષક હતાં. તેમની દયાવૃતિ એટલી ઉચ્ચ હતી કે તેમના રસોડામાંથી ફક્ત મનુષ્યોને ભોજન મળતું હતું એટલું જ નહીં પરંતુ તેઓને ત્યાંથી પક્ષીઓને ચણ અને પ્રાણીઓને ખોરાક પણ આપવામાં આવતો હતો. તેથી જ આપને 'ફય્યાઝ' (એટલે અતિ મહાન દાનવીર) નો લકબ આપવામાં આવ્યો હતો.

### આપે પ્રચલિત કરેલ કેટલાંક રિવાજો નીચે મુજબ હતાં.

★ પિતાની કોઈપણ પત્નિને પુત્ર માટે હરામ કરી દેવી.

★ દર વર્ષે ધન-દૌલતનો પાંચમો ભાગ (ખુમ્સ) અલ્લાહના માર્ગે ખર્ચ કરવો.

★ ઝમઝમના કુવાનું સિકાયતુલહાજ નામ રાખવું.

★ કોઈનું ખૂન કરી નાંખવામાં આવ્યું હોય તો તેના ખૂનના બદલામાં સો ઉંટ નુકસાની પેટે અદા કરવાનો રિવાજ.

★ કાઅબાની ફરતે સાત વખત પ્રદક્ષિણા કરવી.

★ હઝરત અબ્દુલમુત્તલિબના કાર્યકાળમાં જે મહત્વની ઘટનાઓ બની હતી તેમાં એક ઘટના 'આમુલફીલ'ની બની હતી.

આપની વફાત પયગમ્બર સાહેબ સ.અ.વ.ની વિલાદત (જન્મ)ના ૮માં વરસે આ જમાદીયુલ અવ્વલ માસની ૨૭મી તારીખે થઈ હતી.



# હદીસનો ગુલદસ્તો

## થાપણો સાચવવી અને તે થાપણદારને પહોંચાડવી

★ થાપણ એ 'વિલાયતે ઈલાહી' નું નામ છે. જે પણ એનો જુઠો દાવો કરશે તે કાફર છે.

ઈમામ રિઝા અ.સ. (તફસીરે બુર્હાન-ભા.૩, પાન.૩૪૧)

★ નમાઝનો સમય થયો ત્યારે આપે ફરમાવ્યું કે 'અલ્લાહતઆલા તરફથી આવનાર થાપણનો સમય આવી ગયો છે.'

ઈમામ અલી અ.સ. (નુરૂસ્સકલૈન ભા.૪-પાન.૩૧૩)

★ ખાસ સભાઓ અને મિટિંગો (માં થતી ચર્ચા) એ થાપણ છે. તેમાંથી પોતાના ભાઈઓના રહસ્યો જાહેર કરવા તે થાપણ ખાઈ જવી તે છે.

નબીયે અકરમ સ.અ.વ. (બિહારૂલ અનવાર-ભા.૭૭-પા.૧૦૪)

★ નિશંકપણે અલી અ.સ. પોતાની અમાનતદારી (થાપણના સાચા રખેવાળ હોવાના ગુણ) અને સત્યતાને કારણે નબીયે અકરમની દ્રષ્ટિમાં ઉચ્ચ દરજ્જા ઉપર પહોંચ્યા હતાં.

ઈમામ સાદિક અ.સ. (ઉસૂલે કાફી ભા.૨-પાન.૧૦૪)

★ મનુષ્યની ઘણાં મોટા પ્રમાણમાં નમાઝ પઢવાની - રોજા રાખવાની - હજ કરવાની - સદ્કાર્યો કરવાની અને રાત-દિવસ મુનાજાત કરવાની ટેવોને જુઓ ત્યારે એ પણ જુઓ કે તે સત્ય અને થાપણ સાચવીને તે થાપણદારને ઈમાનદારી પૂર્વક પહોંચાડવાના ગુણ ધરાવે છે કે કેમ?

ઈમામ સાદિક અ.સ. (ઉસૂલે કાફી ભા.૨- પાન.૧૦૫)

★ જે વ્યક્તિ પાસે કોઈ થાપણ મુકવામાં આવી હોય તે વ્યકિત તે થાપણ તેના આપનારને પરત કરી દે તો તે એવું છે કે જાણે તેની ડોકમાંથી જહન્નમની આગની હજાર (દોરડાઓની) ગાંઠો ખોલી લેવામાં આવે. કેમકે જ્યારે પણ કોઈ (અન્ય વ્યક્તિની પાસેથી) થાપણ સ્વીકારે છે તો શયતાન તેની મતિભ્રષ્ટ કરવા માટે પોતાના સો સાથીઓને તેની પાછળ લગાડી દે છે. જેથી કરીને તેના મનમાં ખોટા વિચારો નાંખીને તેની મતિ ભ્રષ્ટ કરી નાંખે.

ઈમામ સાદિક અ.સ. (મિશ્કાતુલ અનવાર - ભાષાંતર પા. ૧૪૨)

★ હે અબલહસન અ.સ. ! અમાનતને તેના ખરા માલિકને પરત પહોંચાડી દો. ચાહે તે વ્યક્તિ સદ્કાર્યો કરનાર હોય કે ભૂંડા કાર્યો કરનાર હોય. ચાહે થાપણ ઓછી હોય કે વધારે હોય. પછી ભલે થાપણ સોય અને દોરી જ કેમ ન હોય !

નબીયે અકરમ સ.અ.વ. (બિહારૂલ અનવાર - ભા.૭૭- પાન.૨૭૩ )

★ થાપણને તે થાપણ સોંપનારને પરત કરી દો, ચાહે તે થાપણનો માલિક અંબિયાના સંતાનોનો વધ કરનાર (ખૂની)પણ કેમ ન હોય.

(બિહારૂલ ભાગ-૫ પાન.૧૧૫, ખિસાલે સુદક ભા.૨-પાન.૧૫૭)



E-mail : hadimasik@yahoo.com

# ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.ના મહાન માતા

**નામ અને વંશ :** પાંચમા ઈમામ હઝરત મુહમ્મદ બાકિર અ.સ.ની મહાન માતાનું નામ ફાતેમા હતું. આપ બીજા ઈમામ હઝરત ઈમામ હસન અ.સ.ના સુપુત્રી હતાં. આપ ચોથા ઈમામ હઝરત સૈયદ સજ્જાદ અ.સ.ના પત્નિ હતાં. આપની કુનિયત (વંશવાચક નામ) ઉમ્મે અબ્દુલ્લાહ હતી. અને આપના માતા ઉમ્મે વલદ હતાં. આપ પોતાના સુપુત્ર ઈમામ મુહમ્મદ બાકિર અ.સ. (કે જે તે વખતે બાલ્યાવસ્થામાં હતાં)અને પોતાના પતિ ઈમામ સજ્જાદ અ.સ. સાથે કરબલાના યુધ્ધમાં અને કરબલાના કેદીઓની સાથે કેદમાં પણ રહ્યાં હતાં. (ઈરશાદ મુફીદ - પાન ૨૭૮ બિહારૂલ અન્વાર ભાગ ૪૬ પાન.૧૫૫-૨૧૨)

**આપની ફઝીલતો :** આપ ઈસ્મત અને તહારત (પવિત્રતા) - શરાફત અને કરામતના પવિત્ર વંશમાં જન્મેલા હતાં. આપના પિતા ઈમામ હસન અ.સ. હતાં જે હઝરત અલી અ.સ. અને ફાતેમા ઝહરા સલા. જેવી મહાન હસ્તીઓના ફરઝન્દ હતાં.

આપના ફરઝન્દ ઈમામ મુહમ્મદ બાકિર અ.સ. આપના વિષે ફરમાવે છે કે એક વખત આપ એક દીવાલની પાસે બેઠેલા હતાં કે એકાએક દિવાલ પડવાનો અવાજ થયો અને દીવાલ પડવા લાગી. મારા માતાએ હાથ વડે દીવાલની દિશામાં ઈશારો કર્યો અને કહ્યું કે ‘પયગમ્બર સ.અ.વ.ના હકના સમ ! તને પડી જવા માટેની આજ્ઞા હજુ ખુદાએ કરી નથી.’ આ સાંભળીને તે દીવાલ અધ્ધર લટકવા લાગી. તે પછી જ્યારે આપ ત્યાંથી હટ્યાં ત્યારે જ તે દીવાલ પડી ગઈ. આ જોઈને મારી માતાએ રાહે-ખુદામાં સો દીનારનો સદકો આપ્યો.



ઈમામ સાદિક અ.સ. પણ આપના વિષે ફરમાવે છે કે આપ સિદ્દીકા એટલે કે સત્યવક્તા અને પવિત્ર સન્નારી હતાં. ઈમામે હસન અ.સ.ના સંતાનોમાં આપની બરાબરી કરી શકે તેવા કોઈ સન્નારી નહોતા. (બિહાર ભા.૪૬-પાન.૨૧૫-૩૬૬)

આપના માટે સૌથી વધુ ગર્વ અને સન્માનની વાત એના સિવાય બીજી કઈ હોઈ શકે કે આપ એક માઅસૂમ ઈમામ (હસન અ.સ.)ના સુપુત્રી - એક માઅસૂમ ઈમામ (સજ્જાદ અ.સ.)ના પત્ની અને એક માઅસૂમ ઈમામ (મુહમ્મદ બાકિર અ.સ.)ના માતા હતાં. અને આપના દાદા (ઈમામ અલી અ.સ.) પણ માઅસૂમ હતાં. અને દાદી ફાતેમા ઝહરા સલા. માઅસૂમએ આલમ અને સૈયદ-એ-કાએનાત હતાં એટલે કે આપ માઅસૂમ કુટુંબની એક મહાન વ્યક્તિ હતાં.

# શયતાન અને આદમના સંતાનો

## પેટ ભરીને (ધરાઈને) ખાવું તે :

**એક વખત શયતાન જાત જાતની રસ્સીઓ અને સાંકળો લઈને હઝરત યાહ્યા અ.સ. સમક્ષ હાજર થયો.**

હઝરત યાહ્યા અ.સ.એ પ્રશ્ન કર્યો 'હે ઈબ્લીસ ! તારા હાથમાં આ રસ્સીઓ કેવી છે ?'

શયતાને જવાબ આપ્યો : આ જાત-જાતની રસ્સીઓ મનની ઈચ્છાઓ છે. જેમને હું માણસની અંદર ઉતારી દઉં છું.

જનાબ યાહ્યાએ પૂછ્યું : 'શું મારા માટે પણ કોઈ રસ્સી રાખી છે ?'

તેણે જવાબ આપ્યો : 'હા ! આપના માટે પણ મારી પાસે એક રસ્સી છે તે એ છે કે આપ જ્યારે ધરાઈને ખાઈ લો છો ત્યારે આપનામાં એક પ્રકારની આળસ ઉત્પન્ન થાય છે અને તે પછી આપનું મન નમાઝ-દુઆ-મુનાજાત અને ખુદાના ઝિક્રમાં પહેલાંની જેમ લાગતું નથી'.

જનાબ યાહ્યાએ કહ્યું : 'ખુદાના સોગંદ ! હવે હું કદીયે ધરાઈને ખાઈશ નહીં.'

શયતાને કહ્યું : ખુદાના સોગંદ ! હવે પછી હું પણ કદીયે સાચું બોલીશ નહીં અને કોઈ મુસલમાનને શિખામણ પણ આપીશ નહીં. (મુહાસિને બરકી - પ્રકરણ - ૨૭ પાન.૪૩૯-બિહારૂલ અનવાર - ભા.૬૩-પા.૩૩૫)

## ખોટું સ્વાભિમાન (પોતાની જાત ઉપર ખોટી રીતે અભિમાન કરવું તે)

**એક દિવસ શયતાન એક મોટી ટોપી પહેરીને હઝરત મૂસા અ.સ.ની પાસે ગયો. પાસે આવીને તેણે ટોપી ઉતારી અને આપની સમક્ષ ઉભા રહીને સલામ કરી.**

જનાબ મૂસા અ.સ. એ પૂછ્યું : 'તમે કોણ છો ?'

તેણે જવાબ આપ્યો : 'હું શયતાન છું.'

જનાબ મૂસા અ.સ.એ કહ્યું 'અચ્છા તો તું જ શયતાન છે. ખુદા તને નષ્ટ કરે, તું અહિયાં કેમ આવ્યો છે ?'

તેણે જવાબ આપ્યો : 'ખુદાની દ્રષ્ટિએ આપનું જે મહાન સ્થાન અને સન્માન છે તેને કારણે હું આપને આદર આપવા આવ્યો છું.'

જનાબ મૂસા અ.સ.એ પૂછ્યું : 'આ ટોપી કેવી છે ?'

તેણે કહ્યું ' હું આ ટોપી વડે લોકોના મન મોહી લઉં છું.'

જનાબ મૂસાએ પૂછ્યું 'સારૂં ! તું કયા ગુનાહને કારણે મનુષ્યને પોતાના વશમાં કરી લઈ શકે છે ?'

શયતાને કહ્યું કે જ્યારે મનુષ્ય પોતાની જાતને પસંદ કરવા લાગે છે અને પોતાની જાતથી સંતુષ્ટ થઈ જાય છે ત્યારે તે પોતે જ પોતાની જાતને ચાહવા લાગે છે. (તેને લાગે છે કે જગતમાં તેના જેવો બીજો કોઈ નથી.) પછી તે એવું સમજવા લાગે છે કે તેના સદ્કાર્યો ખુબ વધારે છે અને તેના ભૂંડા આચરણો તુચ્છ છે.'

(ઉસૂલે કાફી - ભા.૩ પા.૪૪૯- બાબેઅજબ - બિહારૂલ અનવાર ભા.૬૦-પા.૨૫૯)



E-mail : hadimasik@yahoo.com

# હસો અને હસાવો ટુચકા



ખુશવંતજીના પગના મોજામાંથી ઘણી દુર્ગંધ આવતી હતી. તે જ્યાં પણ જોડા કાઢતો, લોકો તે જગ્યા છોડીને ચાલ્યા જતાં હતાં.

એક વખત તેમની પત્નીના સગામાં લગ્ન પ્રસંગ હતો. તેથી પત્નીએ તેમને નવા મોજા લાવીને આપ્યાં અને સખ્ત તાકીદ કરી કે લગ્ન પ્રસંગે આ નવા મોજાં પહેરીને જાવ. જ્યારે ખુશવંતજી લગ્નમાં ગયાં તો બધા જ જાનૈયા મંડપ છોડીને ચાલવા લાગ્યાં. ખુશવંતજીની પત્નિ તો ભાગીને તેમની પાસે આવીને લડવાની રીતે કહેવા લાગી 'તમે ફરી પેલા જુના મોજા પહેરીને આવ્યાં છો ?' ખુશવંતજીએ આરામથી જોડા ઉતારીને મોજા બતાવતાં કહ્યું 'હું નવા મોજા જ પહેરીને આવ્યો છું' પરંતુ મને ખબર હતી કે તું માનીશ નહીં તેથી જુના મોજાં ખીસામાં નાંખીને લાવ્યો છું'

---

શિક્ષક વર્ગમાં વીજળી અંગે ભણાવી રહ્યાં હતાં. તેમણે કહ્યું કે 'ધારો કે હું પંખાની સ્વિચ ઓન કરું અને પંખો ન ચાલે તો તેનો અર્થ શું થાય ?'

વિદ્યાર્થી : એ કે આપે વીજળીનું બીલ ભર્યું નથી.

---

દર્દી : ડોક્ટર સાહેબ ! મારા બંને કાને બહેરાશ આવી ગઈ છે. હું કાંઈ સાંભળી શકતો નથી.

ડોક્ટર : તમારી ઉમર કેટલી થઈ છે ?

દર્દી : ૯૦ વરસ

ડોક્ટર : દાદા ! તમે ઘણું સાંભળી લીધું છે. હવે બીજું કાંઈ સાંભળવાની જરૂર નથી.

---

જંગલમાં એક સિંહના લગ્ન થતાં હતાં. જ્યારે જાન જવા લાગી તો એક ઉંદર એકાએક જાનની આગળ નાચવા લાગ્યો.

સિંહે તેને પૂછ્યું : ભાઈ ! તું કેમ નાચે છે ? આ કોઈ ઉંદરના લગ્ન તો થતાં નથી !

ઉંદરે કહ્યું : લગ્ન પહેલા હું પણ સિંહ હતો.



# કુરઆન-નામો અને વિશેષણો



કુરઆનનું અર્થઘટન લખનારાઓ (મુફસ્સેરીન) અને ધાર્મિક વિદ્વાનો (ઉલેમા) કુરઆનના નામોની સંખ્યાની બાબતે એક મત નથી. અબુલ્ફત્હ રાઝીએ પોતાની તફસીર (કુરઆનના અર્થઘટન સંબંધિત પુસ્તકને તફસીર કહેવામાં આવે છે.) રવઝતુલ જિનાન માં કુરઆનના ૪૩ નામોનો ઉલ્લેખ કર્યો છે.

ઝરકશીએ અબુલ મઆલીના કથનને ટાંકીને ૫૫ નામોનો ઉલ્લેખ કર્યો છે. જ્યારે અન્ય કેટલાંક વિદ્વાનોએ કુરઆનના ૮૦ નામો ગણાવ્યાં છે.

આ વિદ્વાનોએ કુરઆનના જે નામો ગણાવ્યાં છે તેમાં કેટલાંક નામો એ છે જેમનો ઉલ્લેખ ખુદ કુરઆનમાં જ વિશેષણ તરીકે છે.

કુરઆનના નામો વિશે વિદ્વાનો અને મુફસ્સેરીનમાં મતમતાંતરનું કારણ વિવિધ વિચારસરણીઓ વચ્ચેના મતભેદો ગણાવી શકાય.

અને એ વાત પણ નોંધવા જેવી છે કે કેટલાંક વિદ્વાનોના મતે કુરઆનનું એક માત્ર નામ ફક્ત 'કુરઆન' જ છે.

તેથી અમને એ જરૂરી લાગે છે કે કુરઆનના નામોને તેના વિશેષણોના વર્ગીકરણને આધારે વર્ણવવામાં આવે.

## (અ) કુરઆનમાં તેના નામ તરીકે જ પ્રયોગાએલ તેના નામવાચક શબ્દો :

(૧) કુરઆન : બલ હોવા કુરઆનુમ મજીદ (સૂરો બુરૂજ : ૨૧)

"નિઃશંકપણે આ એક મહાન અને સર્વોત્તમ કુરઆન છે. "

(૨) કિતાબ : 'કિતાબુન-અન્ઝલ્નાહો ઈલ્યકા' આ એક કિતાબ છે જેને અમે આપની તરફ મોકલી (સૂરાસાહ : ૨૯)

(૩) ઝિક્ર : 'હાઝા ઝિકરૂમ-મુબારેકતો' આ એક મુબારક-પવિત્ર-ઝિક્ર છે. (સુરએ અંબિયા : ૫૦)

(૪) ફુરકાન : 'તબારકલ્લઝી-નઝઝલલફુરકાના અલા અબ્દેહી' - 'બરકતવાળી છે એ ઝાત કે જેણે પોતાના બંદા ઉપર 'ફુરકાન' મોકલી આપ્યો.' (સૂરા-ફુરકાન : ૧)

ઝરકાનીએ ઉપરોક્ત નામો ઉપરાંત 'તનઝીલ' નો વધારો કર્યો છે.

કિતાબ-ઝિક્ર અને ફુરકાન એવા શબ્દો છે જે કુરઆન ઉપરાંત અન્ય આસમાની કિતાબો માટે પણ પ્રયોગિત થએલ નામો છે. પરંતુ શબ્દ 'કુરઆન' ફક્ત આજે વંચાય છે તે કુરઆન માટે જ પ્રયોગાએલ શબ્દ - નામ છે.

**(બ) કુરઆનના વિશેષણોને આધારે કરવામાં આવેલ વર્ગીકરણ મુજબના નામો :** આ વર્ગમાં કુરઆનના એ વિશેષણવાચક નામોને મુકવામાં આવે છે, જેમનો પ્રયોગ ખુદ કુરઆન શરીફમાં 'કુરઆન' માટે કરવામાં આવ્યો છે.

(૧) મજીદ : કાફ-વલ-કુરઆનિલ મજીદ (કાફ : ૨)

(૨) કરીમઃ 'ઈન્નહૂલ કુરઆનુલ કરીમુન' (વાકેઆ : ૭૭)

(૩) હકીમઃ 'યાસીન-વલ-કુરઆનિલ હકીમ' (યાસીન : ૧)

(૪) અઝીમઃ 'વ લકદ-આત્યનાકા-સબઅમમિનલમસાની વલ કુરઆનિલ અઝીમ' (હજર : ૮)

(૫) અઝીઝ : 'ઈન્નહૂકિતાબુન અઝીઝ' (ફુસ્સલત : ૪૧)

(૬) મુબારકઃ 'હાઝા-ઝિકરૂમ્મુબારકુન' (અંબિયા : ૫૦)

(૭) મુબીનઃ તિલ્કા-આયાતુલ-કિતાબે-વ-કુરઆનુમ્મુબીન (હજર : ૧)





# સરદારે સાજેદીન (સજદા કરવાવાળાઓના સરદાર)ની વિલાદતે બા સઆદત

**આપનો જન્મ ૧૫ જમાદીયુલ ઉલા અને હિજરી ૩૮ શુક્રવારના દિવસે મદીના મુનવ્વરામાં થયો હતો.**

અલ્લામા મજલિસી લખે છે કે જ્યારે જનાબ શહરબાનું ઈરાનથી મદીના આવવા રવાના થઈ રહ્યાં હતાં ત્યારે જનાબે રિસાલત મઆબ સ.અ.વ. એ સ્વપ્નની સ્થિતિમાં આપના નિકાહ હઝરત ઈમામ હુસૈન અ.સ. સાથે પઢાવી દીધાં હતાં. (જિલાઉલ ઉયૂન – પા.૨૫૬) અને જ્યારે આપ મદીના આવી પહોચ્યાં ત્યારે હઝરત અલી અ.સ.એ આપને હઝરત ઈમામ હુસૈન અ.સ.ને સોંપીને કહ્યું કે 'આ એ પવિત્ર સન્નારી છે જેની કૂખે તમારા પછીનો 'અફઝલે અવસિયા' (અવસિયામાં સર્વશ્રેષ્ઠ વ્યક્તિ) અને સૃષ્ટિનો સર્વશ્રેષ્ઠ વ્યક્તિ જન્મ લેશે "અને તે પછી (આપની કુખે) હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.નો જન્મ થયો. પરંતુ દુ:ખની વાત એ છે કે આપનો ઉછેર પોતાની માતાના ખોળામાં થઈ શક્યો નહીં અને આપના જન્મ પછી જનાબ શહરબાનુંનું અવસાન થઈ ગયું. (કમકામે – જિલાઉલ ઉયૂન – ઉમૂનો અખબારે રિઝા)

કામિલે મુબર્રેહ – માં લખાએલ છે કે જનાબ શહરબાનું ઈરાનના બાદશાહ યઝદ – જુર્દ–બિન–શહરયાર–બિન–શીરવય–ઈબ્ને–હુરમુઝ–બિન–નૌશેરવાને આદિલ–કિસરાની પુત્રી હતાં.

(ઈર્શાદ મુફીદ – પા.૩૯૧ – ફસલુલ ખિતાબ) અલ્લામા નુરૈહી લખે છે કે હઝરત અલી અ.સ.એ શહરબાનુંને પૂછ્યું 'તમારૂં નામ શું છે ?' ત્યારે તેમણે કહ્યું હતું 'શાહજહાં' ત્યારે હઝરત અલીએ ફરમાવ્યું 'ના, હવેથી તમારૂં નામ 'શહરબાનું' છે.' (મજમઉલ – બેહરૈન – પા.૫૭)

**નામ-કુનીયત અને લકબો : આપનું પવિત્ર નામ અલી કુનીયત (વંશવાચક નામ) અબૂમુહમ્મદ-અબુલહસન અને અબુલકાસિમ હતું. આપના અસંખ્ય લકબો છે. જેમાં ઝૈનુલ આબેદીન - સૈયદુસ્સાજેદીન - ઝુલસફનાત-અને સજ્જાદ તથા આબિદ પ્રખ્યાત છે.**

## લકબ ઝૈનુલ આબેદીન

અલ્લામા શબલંજી લખે છે કે ઈમામ માલિકના કહેવા પ્રમાણે આપ ખુબ જ વધારે ઈબાદત કરતાં હતાં તેને કારણે ઝૈનુલ આબેદીન કહેવામાં આવે છે. (નુરૂલ અબસાર – પાન.૧૨૬)

ધાર્મિક વિદ્વાનો (ઉલેમાઓ) નું કહેવું છે કે હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન એક રાત્રીએ નમાઝે તહજ્જુદ અદા કરી રહ્યાં હતાં ત્યારે શયતાન અજગરના સ્વરૂપે ત્યાં પ્રગટ થયો. તેણે આપના મુબારક પગના અંગૂઠાને મોઢામાં લઈને કરડવાનું શરૂ કર્યું. ઈમામ સંપૂર્ણપણે અલ્લાહની ઈબાદતમાં



તનમય અને એકાગ્ર થઈ ગયાં હોવાથી તેમનું મન અલ્લાહની ઈબાદતમાંથી વિચલિત થયું નહીં અને તેમના ઉપર શયતાનના આ શયતાની કાર્યની કોઈ અસર થઈ નહીં. અને પૂર્વની જેમ જ એકાગ્રતાથી નમાઝ અદા કરતાં રહ્યાં. શયતાન હારી ગયો અને છેવટે જ્યારે ઈમામે નમાઝ પૂર્ણ કરી ત્યારે થપ્પડ મારીને અજગરના સ્વરૂપે પ્રગટ થએલ શયતાન મલઉનને દૂર ભગાડી દીધો. તે વખતે ગયબથી 'અન્તા ઝૈનુલ આબેદીન' એવો ત્રણ વખત સાદ (આકાશવાળી) સંભળાયો. અને ગયબથી એવી સાક્ષી પૂરવામાં આવી કે 'નિ:શંકપણે તમે ઈબાદત કરવાવાળાઓની શોભા છો.'

ત્યારથી આપનો લકબ 'ઝૈનુલ આબેદીન' થઈ ગયો. (મતાલેબુસ્સોલ- પા.૨૬૨- શવાહેદુન્નુબુવાહ-પા.૧૭૭)

અલ્લામા ઈબ્ને શહર આશૂબ લખે છે કે તે અજગરના દસ માથા હતાં. તેના દાંત ઘણાં ધારદાર અને તેની આંખો તદ્દન લાલ હતી. અને મુસલ્લા (જેના ઉપર નમાઝ પઢવામાં આવે છે તે સાદડી - અથવા કાપડનો ટુકડો) ની પાસે થી પૃથ્વીને ફાડીને પ્રગટ થયો હતો. (મનાકિબ-ભા.૪- પાન.૧૦૮)

એક એવી પણ રિવાયત છે કે કયામતના દિવસે આપને આ નામે જ પોકારવામાં આવશે.

(દમઅતુસ્સાકેબા - પા.૪૨૬)

**ઈમામ ઝૈનુલ આબેદીનનું બાળપણ :**

અલ્લામા મજલિસી લખે છે કે પોતાના બાળપણમાં જ્યારે એક વખત ઈમામ ઝૈનુલ આબેદીન બીમાર પડી ગયાં હતાં ત્યારે આપના પિતા ઈમામ હુસૈન અ.સ.એ પુછયું 'વત્સ ! હવે તમારી તબીયત કેવી છે ? અને તમને કોઈ વસ્તુની ઈચ્છા હોય તો જણાવો જેથી કરીને તે વસ્તુ તમને લાવી આપવા માટે હું પ્રયત્ન કરૂં.' આપે જવાબ આપ્યો 'હે પિતાજી ! ખુદાની કૃપાથી હવે હું સારો થઈ ગયો છું. અને મારી તો હંમેશાં એક જ ઈચ્છા હોય છે કે ખુદા મારી ગણત્રી એ લોકોમાં કરે જેઓ ખુદાની મરજી સિવાય બીજી કોઈ વસ્તુની ઈચ્છા જ રાખતા નથી.' આ સાંભળીને ઈમામ હુસૈન અ.સ. ઘણાં પ્રસન્ન થઈ ગયાં અને કહ્યું કે 'દીકરા ! તમે મનને ખુબ જ પ્રસન્ન કરી દેનાર અને અલ્લાહની માઅરેફત (અલ્લાહની સાચી ઓળખ) થી ભરપૂર જવાબ આપ્યો છે.'

તમારો આ જવાબ હઝરત ઈબ્રાહીમ અ.સના જવાબ જેવો જ જવાબ છે. હઝરત ઈબ્રાહીમને જ્યારે મોટી ગુલેલમાં બેસાડીને આગમાં ફેંકવામાં આવ્યાં હતાં અને જ્યારે તેઓ ગુલેલમાંથી હવામાં ઉડીને અગ્નિ તરફ જઈ રહ્યાં હતાં ત્યારે જિબ્રઈલ અ.સ. એ તેમને પૂછ્યું હતું. 'બલ લકા હાજાહ' (શું આપને કોઈ ઈચ્છા-ખ્વાહિશ છે ?) ત્યારે આપે ફરમાવ્યું હતું 'નઅમ- અમ્મા ઈલય્કા - ફલા' (નિશંકપણે મારી ઈચ્છા છે પરંતુ તે ઈચ્છા તમારા તરફ નથી પરંતુ મારા પાલનહાર પ્રત્યે મારી ઈચ્છા છે.) (બિહારૂલ અનવાર- ભા.૧૧ પાન.૨૧-ઈરાનમાં પ્રકાશિત)



# મુરખ રાજા

એક મુરખ રાજાએ પોતાના મંત્રીને બોલાવ્યો અને કહ્યું કે 'હે મંત્રીજી ! તમો દરબારમાં અમને કોઈ ઉખાણું પૂછજો. પરંતુ શરત એટલી છે કે ઉખાણું તદ્દન સહેલું હોવું જોઈએ. જે અમે સરળતાથી સમજી લઈએ અને દરબારમાં અમારી આબરૂના કાંકરા ન થઈ જાય ! અને બરાબર સાંભળી લો કે જો અમે તમારા પુછેલા ઉખાણાંનો સાચો જવાબ નહીં આપી શકીએ તો તમારૂં માથું વાઢી લેવામાં આવશે.'

આ સાંભળીને તો મંત્રીના હોશ ઉડી ગયાં. કેમકે તે જાણતો હતો કે રાજાએ તો બુધ્ધિનું એવું દેવાળું કાઢેલું છે કે સરળમાં સરળ ઉખાણાંનો જવાબ પણ નહીં આપી શકે, અને તેનું તો માથું જ વાઢી લેવામાં આવશે. તે સરળમાં સરળ ઉખાણાં યાદ કરવા લાગ્યો જે સામાન્ય રીતે નાના બાળકો એક-બીજાને પૂછે છે, પરંતુ તેને તેવા બધાં જ ઉખાણાં રાજા માટે તો મુશ્કેલ જ લાગ્યાં.

બીજા દિવસે દરબારમાં તેણે ચિંતાતૂર મને રાજાને પૂછ્યું.

અચ્છા મહારાજ બતાવો કે :

**એ કોણ છે જે ઢીંચું - ઢીંચું કરે છે.**
**ધોબીના ઘાટ ઉપર રહે છે.**



આ સાંભળીને રાજા તો વિચારમાં પડી ગયો. અને મંત્રી તરફ લાલ આંખો કરીને જોવા લાગ્યો કે તેણે આટલું મુશ્કેલ ઉખાણું પૂછી લીધું. થોડીવાર વિચાર કર્યા પછી તેણે મંત્રીને કહ્યું 'અરે ભાઈ ! કોઈ ઈશારો તો બતાવો.'

મંત્રીએ અરજ કરી 'મહારાજ ! હું વધુ વિગતો તો આપી શકતો નથી પરંતુ એટલું કહીશ કે આ ઘોડા જેવું



પ્રાણી હોય છે જે બોજો ઉપાડવાના કામમાં લેવાય છે, અને તેને મુરખ પણ કહેવાય છે.' રાજા તો ફરી વિચારમાં પડી ગયો. મંત્રી તો બીકનો માર્યો ધ્રુજવા લાગ્યો હતો. તેને હવે સ્પષ્ટ રીતે પોતાનું માથું વાઢી નાંખવામાં આવશે તેવું જ લાગતું હતું.

એકાએક રાજા ખુશ થઈ ગયો અને હસીને કહ્યું 'મંત્રીજી ! લો, મેં તમારા ઉખાણાંનો ઉકેલ શોધી લીધો છે.'

મંત્રીનો શ્વાસ હેઠો બેઠો અને જિજ્ઞાસાવશ રાજાનો જવાબ સાંભળવા તેની નજીક ગયો અને કહ્યું 'ફરમાવો, મહારાજ ! મને ખાત્રી હતી કે આપ આ ઉખાણાંનો ઉકેલ જરૂર શોધી કાઢશો.'

ઉખાણાંઓની આંતરરાષ્ટ્રિય સ્પર્ધામાં મોટા મોટા સમ્રાટો પણ આ ઉખાણાંને ઉકેલવામાં નિષ્ફળ રહ્યાં હતાં.

રાજાએ અભિમાનથી કહ્યું 'કુતરો'

મંત્રી તો સ્તબ્ધ રહી ગયો. તેનો શ્વાસ રૂંધાવા લાગ્યો પરંતુ તેણે પોતાની જાતને સંભાળી લીધી અને રાજાને પ્રશંસાથી જોઈને કહ્યું :

'મહારાજ ! આપે કેટલી ઝડપથી તદ્દન સાચો જવાબ આપી દીધો !!!'





# પિતાની શોભા

## (હઝરત ઝયનબ સલા.ની વિલાદત)

**મુબારક નામ :** હઝરત ઝયનબે કુબરા સલા.

**આપના લકબો : (ઉપનામો)** અકીલએ બની હાશિમ- અકીલતુત્તાલેબીન-સિદ્દીએ સુગરા - ઈસ્મતે સુગરા-વલીયતુલ્લાહ-રાઝિયાહ-સાબેરા-અમીનતુલ્લાહ-આલેમતે ગૈરેમોઅલ્લેમાહ -ફેહમતાગૈરે મુફહેમાહ-અમીનતુલ્લાહ-સાનીયે ઝહરા વિગેરે

**આપના પિતા :** હઝરત ઈમામ અલી. અ.સ.

**આપના માતા :** હઝરત ફાતેમા ઝહરા સલા.

**આપના પતિ :** હઝરત અબ્દુલ્લાહ-બિન-જાઅફરે તૈયાર-બિન-અબીતાલિબ અ.સ.

**આપના સંતાનો :** હઝરત અલી-ઔન-અબ્બાસ-મુહમ્મદ-ઉમ્મે કુલસૂમ

**આપની ઉમ્ર શરીફ :** ૫૭ અથવા ૫૮ અથવા ૬૦ વરસ

**પવિત્ર કબર :** શામમાં - મદીનામાં અથવા ઈજિપ્તમાં

**આપના ફઝાઈલ :** ઈતિહાસના પુસ્તકોમાં આપના અસંખ્ય ફઝાઈલ બયાન થએલાં છે, તેમાંથી કેટલાંક વિશે જાણીએ :

★ આપના જન્મ સમયે ખુદાવન્દે આલમે જિબ્રઈલ મારફતે નબીયે અકરમ સ.અ.વ.ને સંદેશો મોકલ્યો હતો કે આ પુત્રીનુ નામ ઝયનબ રાખો કેમકે તેમનું આ નામ 'લવહે-મહફૂઝ' ઉપર લખાએલું છે. (તકવીમે શીઆ - પા.૧૨૦)

★ આપના જન્મના સમયે આપ સ.અ.વ. એ ફરમાવ્યું હતું કે અત્યારે હાજર છે તેઓને અને જેઓ હાજર નથી તેઓને (એટલે કે મારા તમામ અનુયાયીઓને) મારી વસીયત છે કે મારા કાજે થઈને પણ તમે મારી આ પુત્રીની ખૂબ સાર-સંભાળ લેજો. કેમકે તેનું સ્થાન ખદીજા સલા. જેટલું મહાન છે. મારી આ પુત્રી આદરમાં ખદીજાની જેમ, ઈસ્મત અને હયામાં (પવિત્રતા અને સ્ત્રી સહજ લજ્જામાં) ફાતેમા સલા.ની જેમ- વાકચાતુર્ય અને વિદ્વતામાં અલીયે મુર્તઝા અ.સ.ની જેમ- નમ્રતામાં હસન અ.સ.ની જેમ અને શૂરવીરતામાં હુસૈનની જેમ છે. (તકવીમે શીઆ - પા.૧૨૦)

★ ઈબ્ને હજર અને ઈબ્ને અસીર લખે છે કે 'શહઝાદી ઝયનબ સલા. દયા-વિચક્ષણ બુધ્ધિ અને નમ્રતામાં સઘળા બની હાશિમ અને અરબમાં પ્રખ્યાત હતાં. આપની ઝાતમાં સૌદર્ય અને આભા- સદ્ચારિત્ર- અને સદ્ગુણોનો ખજાનો એકત્ર થએલો હતો. (મુજલ્લતુલ ઈસ્લામ- અંક-૨૭ મુહમ્મદ ગાલિબ શાફઈ)

★ પોતાના અંતિમ સમયે ઈમામ હુસૈન અ.સ.એ પોતાની બહેન ઝયનબ સલા.ને ફરમાવ્યું હતું કે 'બહેન ! મને નમાઝે શબમાં ભૂલી જતાં નહીં.' આનાથી જાહેર થાય છે કે આપ એ મહાન વ્યક્તિત્વ ધારણ કરતાં હતાં કે પોતાના સઘળા કાર્યોને આપે અલ્લાહને અર્પણ કરી દીધાં હતાં. (અકીલએ બની હાસિમ પા.-૪૯)

★ શહઝાદી ઝયનબ સલા. ઈમામ અલી અ.સ.ની પ્રગટ ખિલાફતના કાર્યકાળમાં જ્યારે કૂફા આવ્યાં તો આપે કૂફામાં મહીલાઓ માંટે 'તફસીરે કુરઆન' શીખવવાની વ્યવસ્થા કરી હતી અને કૂફાની સ્ત્રીઓ ટોળા બંધ રીતે આપની પાસે તફસીરના પાઠ ભણવા લાગી હતી અને તે રીતે આપની વિદ્વતાનો લાભ લેતી હતી. (અકીલએ-બની-હાસિમ પા.૫૫)

★ ઈમામ સજ્જાદ અ.સ.ના કહેવા પ્રમાણે આપ એવા વિદ્વાન હતાં જેણે કોઈની પાસેથી પણ ભણવાનું શીખ્યું નહોતું અને આપની સમજ શક્તિ એટલી તીવ્ર હતી કે કોઈએ આપને સમજાવવાની જરૂર પડતી નહોતી.

ટુંકમાં આપની બરકતવાળી ઝાતમાં પરહેઝગારી-સંતોષ-આજ્ઞાંકિતતા-ધૈર્ય-નમ્રતા-લજ્જા- પવિત્રતા-દાનવીરતા-દયા-કૃપા-શુરવીરતા-સત્ય પરાયણતા-સચ્ચાઈ-જેવા તમામ સદ્ગુણો હતાં કે જેનું પ્રદર્શન સમયે સમયે અને પ્રસંગે પ્રસંગે થતું રહ્યું હતું, અને કરબલાના પ્રસંગોમાં આપના આ સદ્ગુણો ઝળકી ઉઠ્યાં હતાં.





# ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.ના ઉમદા ચરિત્રના કેટલાંક દૃષ્ટાંત

**ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. ફરઝન્દે રસૂલ હતાં, તેથી હઝરત મુહમ્મદ સ.અ.વ. ના ચારિત્રનો આપ એક ઉત્કૃષ્ટ નમૂનો હતાં. આપના ચારિત્રના કેટલાંક પ્રસંગો નીચે આપ્યાં છે.**

(૧) અલ્લામા મુહમ્મદ ઈબ્ને તલહા શાફઈ લખે છે કે એક વખત એક વ્યક્તિએ આપને ઘણી ખરી ખોટી સંભળાવી. આપે ફરમાવ્યું 'ભાઈ ! મેં તારૂં કાંઈ બગાડ્યું નથી. તારે કોઈ જરૂરિયાત હોય તો બતાવ, હું પૂરી કરી આપીશ.' આ સાંભળી તે વ્યક્તિ શરમિંદો થઈ ગયો અને આપના ઉમદા ચારિત્રનો પ્રશંસક થઈ ગયો.

(૨) અલ્લામા ઈબ્ને હજર મક્કી લખે છે કે 'એક વ્યક્તિએ આપની રૂબરૂ જ આપને ભૂંડા કહ્યાં - આપે તેના ઉપર કોઈ લક્ષ આપ્યું નહીં. તેણે આપને સંબોધીને કહ્યું 'હું તમને જ કહી રહ્યો છું.' આપે ફરમાવ્યું: 'ખુદાની આજ્ઞા છે કે 'વા-આઅરિઝ અનિલ જાહેલીન' (અજ્ઞાની લોકોની વાતો પ્રત્યે ધ્યાન ન આપો) હું તેના ઉપર અમલ કરી રહ્યો છું.' (સવાએકે મોહર્રેકા - પાન.૧૨૦)

(૩) અલ્લામા શબલંજી લખે છે કે એક વ્યક્તિએ આવીને આપને કહ્યું કે ફલાણો વ્યક્તિ આપની બુરાઈઓ કરે છે. આપે ફરમાવ્યું 'મને તેની પાસે લઈ જાવ.' જ્યારે આપ ત્યાં પહોંચ્યાં તો તે બુરાઈ કરનાર વ્યક્તિને આપે ફરમાવ્યું કે 'તે મારા માટે જે કાંઈ કહ્યું છે તેવું આચરણ મેં ખરેખર કર્યું હોય તો ખુદા મને ક્ષમા બખ્શે, અને જો મેં તેવું આચરણ ખરેખર ન કર્યું હોય તો ખુદા તને ક્ષમા બખ્શે કેમકે તેં મારા ઉપર ખોટો આરોપ મુક્યો ગણાશે.'

(૪) એક રિવાયતમાં છે કે એક વખત આપ મસ્જિદમાંથી બહાર નીકળ્યાં ત્યારે એક વ્યક્તિ આપને ખુબ જ સખ્ત ગાળો ભાંડવા લાગ્યો, આપે ફરમાવ્યું 'તારી કોઈ માંગણી હોય તો જણાવ જેથી હું તે માંગણી પૂરી કરૂં - સારૂં, જા આ દિરહમ રાખી લે ! આ સાંભળીને પેલો ગાળો ભાંડનાર શરમાઈ ગયો.'

(૫) અલ્લામા દિમ્યરી લખે છે કે એક વખત આપની હાજરીમાં શામ દેશનો એક રહેવાસી હઝરત અલી અ.સ.ને ગાળો ભાંડતો હતો. ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.એ ફરમાવ્યું 'ભાઈ ! તું મુસાફર લાગે છે. મારી સાથે ચાલ અને મારે ત્યાં રહે. કોઈ જરૂરિયાત હોય તો બતાવ જેથી હું તે પૂરી કરૂં.' પેલો શરમાઈને ચાલ્યો ગયો. (ભા.૧ પા.૧૨૧)

(૬) અલ્લામા તબરસી લખે છે કે એક વ્યક્તિએ આપને કહ્યું 'પેલો વ્યક્તિ આપને ગુમરાહ થઈ ગએલાં અને બિદઅતી કહે છે 'આપે ફરમાવ્યું' 'અફસોસ ! કે તમે તેની સાથેની મિત્રતાનો રજ માત્ર પણ વિચાર ન કર્યો અને તેની બુરાઈ મને જણાવી દીધી. જો ભાઈ ! આ ચાડી-ચુગલી છે. એવી રીતે કોઈની ચાડી-ચુગલી કદી કરતાં નહીં' (એહતેજાજ પા. ૩૦૪)

(૭) જ્યારે કોઈ માંગનાર આપની પાસે આવતો તો આપ પ્રસન્ન થઈ જતાં અને ફરમાવતાં કે ખુદા તારૂં સારૂં કરે. તું મારો આખેરતનો સામાન ઉપાડવા માટે આવી ગયો. (મતાબેબુસ્સ પા. ૨૪૩)



(૮) ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. પોતાના પુસ્તક 'સહીફએ કામેલા' માં ફરમાવે છે કે મારો કોઈ દરજ્જો ઊંચો કરતો નહીં પરંતુ એટલું જ નહી, મારો દરજ્જો મારી પોતાની દૃષ્ટિમાં એટલો જ ઘટાડી દેજો અને મને કોઈ બાહ્ય દેખાતી મોટાઈ આપતો નહીં પરંતુ મારા અંદર એટલો જ આંતરિક સ્વાદ પેદા કરી દેજે.



E-mail : hadimasik@yahoo.com

# રૂમના સમ્રાટના સવાલો

ઝોહરની નમાઝનો સમય હતો ત્યારે એક અજાણ્યો વ્યક્તિ સવાર થઈને મદીના શહેરમાં આવ્યો. તેના મોઢા ઉપર નકાબ હતી. તે સીધો મસ્જિદ પાસે ગયો. જ્યારે લોકોએ તેને જોયો તો તેની ચારે બાજુએ ટોળે વળી તેને ઘેરી લીધો. તેણે પોતાના મોઢા ઉપરથી નકાબ હટાવી અને કહ્યું કે હું રૂમના સમ્રાટનો પ્રતિનિધી છું, અને સમ્રાટ તરફથી કેટલાંક પ્રશ્નો લાવ્યો છું. જેના જવાબો ફક્ત એ એક જ વ્યક્તિ આપી શકે છે કે જે સૌથી મહાન-વિદ્વાન હોય. લોકો એક બીજાને જોવા લાગ્યાં અને અંદરો અંદર કહેવા લાગ્યાં, આ પ્રશ્નોના જવાબ આપી શકે તેવો સૌથી મહાન વિદ્વાન કોણ હોઈ શકે છે ?

**આવનાર વ્યક્તિએ સમ્રાટનો પત્ર ખોલ્યો અને સમ્રાટના પ્રશ્નો વાંચી સંભળાવ્યાં - જે નીચે મુજબ હતાં.**

**પ્રશ્ન-૧ એ કઈ વસ્તુ છે જેમાં આરંભથી અંત સુધી ફક્ત મોઢા જ છે ?**

**પ્રશ્ન-૨ એ કઈ વસ્તુ છે જેમાં ઉપરથી નીચે સુધી ફક્ત પગ છે ?**

**પ્રશ્ન-૩ એ કઈ વસ્તુ છે જે પોતાના સમગ્ર અસ્તિત્વમાં ફક્ત આંખ જ છે ?**

**પ્રશ્ન-૪ એ કઈ વસ્તુ છે જેમાં ફક્ત વાળ જ છે ?**

**બાળકો !**

**પહેલાં તમે પોતે આ પ્રશ્ન વિશે ખૂબ વિચાર કરો અને તેના જવાબો પોતે શોધી કાઢવા પ્રયત્ન કરો - પછી જ તેના નીચે મુજબના જવાબો વાંચજો !!!**

જવાબ-૧ એ વસ્તુ કે જેમાં આરંભથી અંત સુધી ફક્ત મોઢા જ છે તે અગ્નિ છે. (કારણ કે અગ્નિ જ એવી વસ્તુ છે જેમાં કોઈ દિશામાંથી પણ કાંઈ નાંખો તો તે તેને ખાઈ જાય છે.)

જવાબ-૨ એ વસ્તુ કે જેમાં ઉપરથી નીચે સુધી ફક્ત પગ છે તે પાણી છે. (કેમ કે પાણીનું એક ટીપું પણ જમીન ઉપર પડે તો તે વહેવા-ચાલવા લાગે છે.)

જવાબ-૩ એ વસ્તુ કે જેના સમગ્ર અસ્તિત્વમાં ફક્ત આંખ છે તે સૂર્ય છે (કેમ કે સૂર્ય સ્વયં અને તેના પ્રકાશમાં અન્યો પણ બધું જોઈ શકે છે.)

જવાબ-૪ એ વસ્તુ જેમાં ફક્ત વાળ છે તે હવા છે. (કેમ કે જ્યારે તે ઉડે છે ત્યારે તેના તમામ રજકણો વાળોની જેમ હાલવા લાગે છે.)

*વહાલા બાળકો ! તમે જવાબો તો જાણી લીધાં હવે તમે એ જણાવો કે રૂમના સમ્રાટના પ્રતિનિધિને તેના આ મુશ્કેલ પ્રશ્નોના જવાબો કોણે આપ્યાં હશે ?*

*નથી જાણતાં - તો એ પણ જાણી લો કે 'અલી' અ.સ. જ એક માત્ર એવા વ્યક્તિ હતાં જે આ પ્રકારના મુશ્કેલ પ્રશ્નોના જવાબો પણ તદ્દન સહજતાથી આપી શકતાં હતાં.*





# જંગે મૂતા

ખૈબર - ફિદક - વાદીયુલ કરા અને તીમાઅ જેવા યહૂદીઓના મહત્વના કેન્દ્રો મદીના શહેરની ઉત્તરે અને મદીના અને શામ જવાનાં મુખ્ય માર્ગ ઉપર આવેલાં સ્થળો હતાં. આ કેન્દ્રોને જીતી લીધાં પછી ઈસ્લામી શાસનની ઉત્તરીય સરહદની હદ ઘણી વધી ગઈ હતી. રસૂલે ખુદા સ.અ.વ.એ બસરાના બાદશાહ કે જે સમ્રાટ કૈસરના જમણા હાથ સમાન હતો તેને એક પત્ર હઝરત હારિસ -બિન-અમીરના હસ્તે મોકલ્યો. રસૂલે ખુદા સ.અ.વ.નો આ પ્રતિનીધી 'મૂતા' નામના ગામે પહોંચ્યો ત્યારે શરજીલ ગસાનીએ તેમનો વધ કરી નાંખ્યો. આ બનાવનું હઝરત રસૂલે ખૂદા સ.અ.વ.ને ખુબ દુઃખ થયું અને હઝરત સ.અ.વ.એ તરત જ એવો નિર્ણય લીધો કે આવા બનાવો બનતા અટકાવવાનો પ્રબંધ કરવો જોઈએ. તેથી આપે જમાદીયુલ અવ્વલ માસ અને ૮ હિજરીમાં ત્રણ હજાર સૈનિકોનું સંખ્યાબળ ધરાવતું એક સૈન્ય મૂતાની દિશામાં રવાના કર્યું. મદીનામાંથી અન્ય યુદ્ધોમાં મોકલવામાં આવેલાં તે વખત સુધીના સૈન્યોમાં આ સૌથી મોટું સૈન્ય હતું. રસૂલ સ.અ.વ. પોતે અન્ય મુસલમાનો અને સૈનિકોના સગાવહાલાઓ સાથે આ લશ્કરને વિદાય આપવા મદીના શહેરની બહાર તશરીફ લાવ્યાં હતાં. હઝરત ઝૈદ-બિન-હારિસને સેનાનાયક અને હઝરત જાઅફર-બિન-અબીતાલિબ અને હઝરત અબ્દુલ્લાહ-બિન રવાહાને તેમના પહેલાં અને બીજા નાયબ નિયુક્ત કરવામાં આવ્યાં હતાં. સૈન્યને વિદાય આપતાં પહેલાં હઝરત રસુલ સ.અ.વ. એ સૈનિક સામે એક પ્રવચન કરીને તેઓ જે યુધ્ધ કરવા જઈ રહ્યાં છે તેનું મહત્વ સમજાવ્યું હતું. તે પછી આપ સ.અ.વ. એ તેમના માટે દુઆ ફરમાવી હતી અને લશ્કરને શામની દિશામાં વિદાય આપી હતી.

આ સૈન્ય જયારે 'મઆન' નામના સ્થળે પહોંચ્યું ત્યારે એવી માહિતી મળી કે કૈસરના બે લાખ જેટલાં અરબ અને રૂમી સૈનિકો 'કાબ' નામના સ્થળે એકત્ર થઈ ગયાં છે. (મોઅજમુલ બુલદાન - ભા.૫-પાન.૧૫૩)



આ સમાચાર સાંભળીને મુસમલાનોના સૈન્યમાં બેચેની ફેલાઈ ગઈ. તેઓ એ અંગે નિર્ણય ન લઈ શક્યાં કે ત્યાંથી પાછા પરત ફરે કે ત્યાં જ રહીને હઝરત રસૂલે ખુદા સ.અ.વ.ને બધી પરિસ્થિતિથી વાકેફ કરે અને આ અત્યંત અલ્પ સંખ્યક સૈન્ય સાથે જેના માટે તેમને મોકલવામાં આવ્યાં છે તે કર્તવ્ય નિભાવે તે વખતે હઝરત અબ્દુલ્લાહ-બિન-રવાહા ઉભા થયાં અને પોતાની જુસ્સાભરી વાણીમાં સૈનિકોને રોમના સૈનિક સાથે છેવટ સુધીની લડાઈ લડી લેવા માટે પ્રેર્યા - છેવટે 'મૂતા' નામના સ્થળે બંને લશ્કરો એક-બીજાની સામસામે આવી ગયાં. હઝરત ઝૈદએ ઈસ્લામી લશ્કરનો ધ્વજ સંભાળ્યો અને પોતાના જીવ ઉપર ખેલી જઈને બીજા મુજાહેદો સાથે શહીદ થઈ જવાના શોખ સાથે વિદ્યુતવેગે શત્રુઓના સૈન્ય ઉપર તુટી પડ્યાં. શત્રુઓ પણ અનુભવી અને યુધ્ધ કુશળ હતાં. તેમનું સૈન્ય ભાલાઓ - તલવારો અને તીરોથી સુસજ્જ હતું. આ બાજુ કલ્મએ તવહીદ હતો જેને ઉચ્ચ શિખરે પહોંચાડવા માટે ઈસ્લામના સૈનિકો પોતાના જીવના જોખમે પણ દરેક પ્રકારના ખતરાનો સામનો કરવા તૈયાર હતાં. અને રોમના સૈનિકો ઉપર એ સાબિત કરી આપ્યું કે તેઓ પોતાના ધર્મના રક્ષણ અને પોતાના પવિત્ર ધ્યેયને પ્રાપ્ત કરવા માટે મરી ફીટવા પણ તૈયાર છે. શત્રુઓએ પોતાની સંપૂર્ણ શક્તિ ઈસ્લામી સૈન્યના સેનાનાયકને પરાસ્ત કરવામાં લગાડી દીધી અને તેમને પોતાના ભાલાઓની વચ્ચે લઈને ભોંય પર પાડી દીધાં. હઝરત જાઅફર-બિન-અબી તાલિબે તરત જ સૈન્યની કમાન સંભાળી લીધી. અને ઈસ્લામી લશ્કરના ધ્વજને લહેરાવી દીધો અને શત્રુઓ ઉપર આક્રમણ કરી દીધું. જ્યારે તેમણે જોયું કે તે શત્રુઓથી સંપૂર્ણપણે ઘેરાઈ ગયાં છે અને એ હકીકતની પ્રતિતી થઈ ગઈ કે હવે શહાદત થવાની જ છે. તેથી પોતાનો અશ્વ શત્રુઓના હાથે ન લાગી જાય તે માટે તેઓ અશ્વ ઉપરથી ઉતરી ગયાં અને પગપાળા જ યુધ્ધ કરવા લાગ્યાં. એટલે સુધી કે આપના બંને હાથ કપાઈ ગયાં. હઝરત જાઅફરની શહાદત પછી હઝરત અબ્દુલ્લાહ-બિન-રવાહાએ ઈસ્લામના ધ્વજને સંભાળી લીધો અને રોમના સૈન્યના મધ્યભાગ ઉપર હુમલો કરી દીધો. તેઓ પણ શુરવીરતાથી યુધ્ધ કરતાં કરતાં શહીદ થઈ ગયાં. છેવટે મુસલમાનો યુધ્ધમાંથી પાછા ફરી ગયાં.





# નહજુલ -બલાગાહ

## ડાહપણભરી વાતો

## ઈખ્લાસ (નિષ્ઠા)

★ ઈખ્લાસ બધાં ગુનાહોથી રક્ષણનો માર્ગ છે.

★ ઈખ્લાસ ઈમાનનું સર્વોચ્ચ સ્થાન છે.

★ ઈખ્લાસ યકીનનું ફળ છે.

★ કાર્યોમાં નિષ્ઠા (ઈખ્લાસ) સફળતાની નિશાનીઓ પૈકી એક છે.

★ બંદાને અલ્લાહનું સામિપ્ય (તકર્રૂબ) નિષ્ઠાની નિય્યતના ધોરણે થાય છે.

★ જન્નતના લોકોના સરદાર નિષ્ઠાવાન (મુખ્લિસ) લોકો હશે.

★ વિદ્યાની ફઝીલત તેમાં નિષ્ઠા રાખવાથી છે.

★ જે વ્યક્તિનો અંતર અને બાહ્ય વ્યવહારમાં ફરક ન હોય (મનમાં કાંઈ હોય અને કરે કાંઈ એવું જેનું વર્તન ન હોય) વાણી અને વર્તનમાં ફેર ન હોય તો તે વ્યક્તિ એવી છે જેણે તેણે અમાનત (થાપણ) અદા કરી દીધી અને તે વ્યક્તિ પોતાની ઈબાદતમાં નિષ્ઠાવાન (બા ઈખ્લાસ) રહ્યો ગણાશે.

★ પૃથ્વી ઉપર ઉન્નતિ પ્રાપ્ત કરનાર સૌથી મહાન દરજ્જાવાળી વસ્તુ નિષ્ઠા છે.



E-mail : hadimasik@yahoo.com

# આયાતે અહકામ

(ગયા અંકથી આગળ)

**(૯) વયુનઝઝેલો અલ્યકુમ-મિનસ્સમો-માઅલ-લેથોતહહેમકુમબેહી......(અન્ફાલ :૧૧)**

'અને પરવરદિગારે આકાશમાંથી પાણીને પવિત્ર થવા માટેનું સાધન (વસીલો) બનાવીને નાઝિલ કર્યું છે.'

**(૧૦) ઈન્નમલ મુશરેકૂના નજસુન........................................(તૌબા - ૨૮)**

મુશરિક લોકો અપવિત્ર (નજિસ) હોય છે.

**(૧૧) ફીહે રિજા લુંય્યોહિબ્બૂન-અંયયત્તહરૂ..................................(તૌબા - ૧૦૮)**

'તેમાં (તે મસ્જિદમાં) એવી વ્યક્તિઓ પણ છે જે પવિત્રતાને પસંદ કરે છે.'

**(૧૨) નુસ્કીકુમ-મિમ્મા-ફી-બુતૂનેહી-મિંમ-બય્ને-ફરસિવં-દમિલ-લબનન ખાલેસન....**

**......(નહલ : ૬૬)**

(અને તમારા માટે પ્રાણીઓમાં પણ બોધ છે કે) અમે તેમના પેટમાંથી ગોબર અને લોહીની વચ્ચેથી ચોખ્ખું દૂધ અતા કરીએ છીએ.

**(૧૩) ફખ્લેઅ-નઅલય્કા-ઈન્નકા-બિલવાદિલ-મુકદ્દસેતુવા..................(તાહા : ૧૨)**

હે મુસા ! પોતાના જોડા કાઢી નાંખો - તમો તુવા નામના પવિત્ર વાદી (મેદાન)માં છો.

**(૧૪) ફજ તને બુર્રિજસા મિનલ અવસાને..........................(અલહજ : ૩૦)**

ખબરદાર-મુર્તિઓની અપવિત્રતાથી તો છેટા જ રહેજો

**(૧૫) વ અન્ઝલના મિનસ્સમાએ માઅંમ- બેકદરિન....................(મોઅમેનૂન : ૧૮)**

અને અમે આકાશમાંથી એક ચોક્કસ માત્રામાં પાણી નાઝિલ કર્યું છે.

**(૧૬) વ અન્ઝલના મિનસ્સમાએ માઅન તહૂરા.........................(ફુરકાન : ૪૮)**

અને અમે આકાશમાંથી પાક અને પવિત્ર પાણી વરસાવ્યું છે.

**(૧૭) લાયમસ્સોહૂ - ઈલ્લલ-મુતહહરૂન...............**

**.....(વાકેઆહ - ૭૯)**

એને (કુરઆનને) પવિત્ર લોકો સિવાય બીજા કોઈ સ્પર્શ પણ કરી શકતાં નથી.

**(૧૮) વસેયાબકા - ફ - તહરિ ૨૦ વર્ઈઝા ફહજુર**

**................(મુદસ્સિર : ૪-૫)**

(હે પયગમ્બર !) પોતાના વસ્ત્રોને પવિત્ર રાખો અને બુરાઈઓથી છેટાં રહો. (દૂર રહો)



E-mail : hadimasik@yahoo.com

# શીખવા જેવી વાતો

★ પાણી જ્યાં સુધી વહેતું રહે છે ત્યાં સુધી જ સાફ રહે છે. જ્યારે તે અટકી જાય છે ત્યારે ગંદું અને કીચડ જેવું થઈ જાય છે.

★ ભિક્ષુકોના ત્રણ પ્રકાર છે.

પ્રથમ પ્રકાર : એ લોકો જે અન્ય વ્યક્તિઓ પાસેથી માંગતાં નથી અને (માંગ્યા વગર) આપવામાં આવે ત્યારે સ્વીકારતાં પણ નથી. (તેઓ) ખુદા પાસે જે કાંઇ માંગે છે તે (તેમને) મળી જાય છે.

બીજો પ્રકાર : એ લોકો જે પોતે કાંઇ માંગતાં નથી પરંતુ જ્યારે તેમને (માંગ્યા વગર) આપવામાં આવે તો સ્વીકારી લે છે. આ લોકો મધ્યમ પ્રકારના ભિક્ષુકો છે. આ લોકોને જન્નતની તમામ નેઅમતો મળશે.

ત્રીજો પ્રકાર : એ ભિક્ષુકો જે આત્મદમન (પોતા ઉપર દમન) કરે છે અને ધીરજ અને સંયમથી ચલાવી લે છે અને અલ્લાહનો ઝિક્ર કરવામાં પરોવાએલાં રહે છે.

★ ત્રણ વસ્તુઓનો ત્યાગ કરવાથી જગતમાં માન-મરતબો મળે છે.

પ્રથમ એ કે - લોકો પાસે પોતાની જરૂરીયાતની યાચના કરવી.

બીજો એ કે - બીજાઓમાં બુરાઈઓ શોધવી

ત્રીજો એ કે - બીજા કોઈના મહેમાનની સાથે થઈ જવું.

★ દુન્યવી માન-મરતબાની ઈચ્છા રાખનાર વ્યક્તિ આખેરતના સ્વાદથી (આખેરતના માન-મરતબાથી) વંચિત રહે છે.

★ જ્યાં સુધી બંદો પોતાની ઈચ્છાઓને લોખંડી દીવાલના કિલ્લામાં કેદ નથી કરી દેતો ત્યાં સુધી તે પોતાની ઈબાદતનો મીઠો સ્વાદ ચાખી શકતો નથી.

★ એવું વિચારવું કે બીજાઓ આપણને સારા સમજે તે આ જગત પ્રત્યેની આસકિત (પ્રેમ) વ્યકત કરે છે.

★ ત્રણ કાર્યો ઘણાં મુશ્કેલ છે. - દરિદ્રતામાં દાન કરવું તે - ભયના વાતાવરણમાં સત્ય વક્તા થવું તે - અને એકાંતમાં પણ (અલ્લાહની બીકને કારણે) ગુનાહોનું આચરણ ન કરવું તે.

★ અલ્લાહે પોતાના બંદાઓને પોતાની (અલ્લાહની) સાચી ઓળખ અને ધૈર્ય કરતાં વધારે મહાન બીજી કોઈ વસ્તુ આપી નથી.

★ અલ્લાહની સાચી ઓળખ ધરાવનાર એ લોકો છે જેમને અલ્લાહ સિવાય બીજો કોઈ જાણતો નથી અને કોઈ તેમને માન પણ નથી આપતો.


E-mail : hadimasik@yahoo.com



# અમારા પ્રશ્નો તમારા જવાબો

**પ્રશ્ન-૧** હઝરત ફાતેમા ઝહરા સલા.ની સૌથી મોટી પુત્રીનું નામ શું હતું ?
(અ) ફાતેમા (બ) ઝયનબ (ક) કુલસૂમ (ડ) મૈમૂના

**પ્રશ્ન-૨** ઈમામ સજ્જાદ અ.સ.ની વિલાદત કયા વરસે (સને હિજરીમાં) થઈ હતી ?
(અ) ૩૮ સને હિજરી (બ) ૨૦ સને હિજરી (ક) ૨૯ સને હિજરી (ડ) ૩૫ સને હિજરી

**પ્રશ્ન-3** જનાબ ઝયનબ સલા. ના પતિનું નામ શું હતું ?
(અ) અબ્દુલ્લાહ બિન કાસિમ (બ) મુહમ્મદ-બિન-જાઅફર
(ક) અબ્દુલ્લાહ-બિન-જાઅફરે તૈયાર (ડ) બધાં જવાબો ખોટાં છે.

**પ્રશ્ન-૪** ઈમામ સજ્જાદ અ.સ.ની દુઆઓના સંગ્રહના પુસ્તકને શું કહેવામાં આવે છે ?
(અ) તૌરૈત (બ) સહીફએ નૂર (ક) ઝુબૂરે અહલેબૈત અ.સ. (ડ) અહકામે દીન

**પ્રશ્ન-૫** ઝૈનુલ આબેદીન કયા ઈમામનો લકબ છે ?
(અ) ઈમામ અલી અ.સ. (બ) ઈમામ હુસૈન અ.સ.
(ક) ઈમામ અલી-બિન-હુસૈન-બિન-અલી અ.સ. (ડ) અને 'અ' ને 'ક' બંને ખરાં

**પ્રશ્ન-૬** ઈમામ અલી અ.સ.ના શાસનકાળમાં કયું શહેર પાટનગર હતું ?
(અ) ફારસ (બ) મક્કા (ક) બસરા (ડ) કૂફા

**પ્રશ્ન-૭** ઈમામ સજ્જાદની માતાનું નામ શું હતું ?
(અ) કલાબીયાહ (બ) શહરબાનું (ક) મૈમૂના (ડ) ઝયનબ

**પ્રશ્ન-૮** ઈમામ સજ્જાદની વિલાદતની તારીખ કઈ છે ?
(અ) ૨૦ જમાદીયુલ અવ્વલ (બ) ૧૫ રજબ (ક) ૨ સફર (ડ) બધા ખોટાં

**પ્રશ્ન-૯** ઇતિહાસકારોએ હઝરત અદનાન સુધી પયગમ્બર સ.અ.વ.ના કેટલાં વડીલો-બાપ દાદાના નામ ગણાવ્યાં છે.
(અ) ૧૫ (બ) ૫૫ (ક) ૩૫ (ડ) ૨૧

**પ્રશ્ન-૧૦** પયગમ્બર સ.અ.વ.ના કયા દાદાની વફાત (અવસાન) જમાદીયુલ અવ્વલ માસમાં થઈ હતી ?
(અ) અબ્દુલ્લાહ (બ) કાસિમ (ક) કલાલ
(ડ) અબ્દુલ મુત્તલિબ



# અણમોલ મોતી

## ★ અત્યાચારી વ્યક્તિ :

તેના કરતાં વધારે અત્યાચારી વ્યક્તિ બીજો કોણ હોઈ શકે જે અલ્લાહ ઉપર ખોટો આરોપ મૂકે અથવા તેની (અલ્લાહની) એક વાતને પણ ખોટી કહે ? એવા લોકોના ભાગે તો એ જ આવશે જેને તેઓ લાયક છે. તેથી જ્યારે અમારા મોકલેલા ફરિશ્તાઓ તેમના શરીરમાંથી તેમની આત્મા કાઢી લેવા (રૂહ કબ્ઝ કરવા) આવશે ત્યારે (તેઓ - તેમને) કહેશે કે તમારા એ અલ્લાહ (માઅબૂદ) કયાં છે કે જેમને તમે અલ્લાહ સિવાય (મદદ માટે) બોલાવતાં હતાં ? (ત્યારે) તેઓ કહેશે કે 'તેઓ તો અમને તજીને ચાલ્યાં ગયાં છે' અને તે પછી તેઓ પોતે જ પોતાની વિરૂધ્ધ સાક્ષી પૂરશે કે તેઓ ખરેખર કાફર હતાં. (અઅરાફ : ૩૭)

## ★ તકવા (અલ્લાહથી ડરીને રહેવું તે) વાળા લોકો :

હે આદમના સંતાનો ! જો તમારી પાસે તમારા પૈકીમાંથી જ રસૂલ આવે અને મારી આયતો (તમને) સંભળાવે, (તે પછી) જે લોકો તકવો અખત્યાર કરશે અને પોતાની (પોતાના આઅમાલની) સુધારણાં કરી લેશે તે લોકોને ન તો કોઈ જાતની બીક રહેશે અને ન તો તેઓ દુઃખી થશે. અને જેઓ અમારી આયતોને જુઠી કહે છે અને (તેમની સામે-અલ્લાહના રસૂલની સામે) અભિમાન કરે છે તેઓ જ ખરાં જહન્નમમાં જવાવાળાઓ છે. જ્યાં તેઓ હંમેશા રહેશે. (અઅરાફ : ૩૫-૩૬)

## ★ ખોટો અત્યાચાર અને કોઈના ઉપર ખોટું દબાણ કરવું હરામ છે :

તેમની પ્રથમ ટોળકી બીજી (તે પછી આવનાર) ટોળકીને કહેશે 'તમને અમારા ઉપર કોઈ મોટાઈ (મળે તેમ) નથી. તેથી તમો પણ પોતાના કાર્યોના બદલામાં અઝાબ ચાખો.' (અઅરાફ : ૩૯)

## ★ સીમા રેખાથી આગળ ન વધો :

હે આદમના સંતાનો ! દરેક ઈબાદત (પ્રાર્થના)ના સમયે પોતાની શોભા (વસ્ત્રો) સાથે રહો. ખાઓ અને પીઓ પરંતુ કાંઈ વેડફી નાંખશો નહીં. (કેમકે) અલ્લાહ (તેની નેઅમતોને) વેડફી નાંખરાઓને પસંદ નથી કરતો. (અઅરાફ : ૩૨)

## ★ એ વસ્તુઓ જેનાથી પરીક્ષા લેવાય છે :

અને તે (અલ્લાહ) જ છે. જેણે પૃથ્વી ઉપર તમને (મનુષ્યોને) પોતાના નાયબ (પ્રતિનિધી) બનાવ્યાં છે અને તમારા પૈકીમાંથી (પણ) કેટલાંકને કેટલાંક ઉપર ઉચ્ચ દરજ્જો આપ્યો છે. તે એટલા માટે કે અલ્લાહે તમને જે કાંઈ આપ્યું છે તેના થકી તમને અજમાવે. નિઃશંકપણે (જ્યાં) તમારો પાલનહાર વહેલી તકે અઝાબ આપનાર છે (ત્યાંજ) તે નિઃશંકપણે ખુબ જ બખ્શવાવાળો અને દયાળુ પણ છે. (અન્આમઃ ૧૬૫)

## ★ બીજાનો બોજો :

(હે રસુલ) કહી દો કે હું અન્ય કોઈને (કેવી રીતે) પોતાનો માઅબૂદ બનાવું ? જ્યારે અલ્લાહ (એક માત્ર અલ્લાહ) દરેકનો પાલનહાર છે. પોતાના કર્મોનો દરેક વ્યક્તિ પોતે જવાબદાર છે અને કોઈપણ બીજા કોઈનો બોજો (કયામતના દિવસે) ઉપાડશે નહીં. અને પછી તમો બધાએ તો પોતાના પાલનહાર પાસે પાછા જવાનું છે. અને જે બાબતનો તમો વિરોધ કરતાં હતાં તે બાબત (અલ્લાહ) તમને ત્યાં જણાવી દેશે. (અન્આમઃ ૧૬)


E-mail : hadimasik@yahoo.com

# બાળકોની ડાયરી

વહાલા બાળકો,

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



મોહંમદ અબ્બાસ કૈફી,
રાજુલા.




ભોજાણી રૂખસારબાનું આબિદઅલી,
ઘનશ્યામનગર, અંકલેશ્વર. જી. ભરૂચ.



રોજમીન ફાતેમા આર. ચારણીયા,
ખોજા સોસાયટી, ભાદ્રોડ ગેઈટ, મહુવા.




સાજીદ મહંમદ ભીમાણી,
શેરી નં-૧૧, મહેન્દ્રપુરા, મોરબી.



E-mail : hadimasik@yahoo.com

# પત્રાવલી

**વહાલા બાળકો,**

**આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે જરૂર મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**

## જાણવા જેવું

### ★ વિજળીની શોધ કેવી રીતે થઈ ?

સૌથી પહેલા વિજળીની શોધ જર્મનીના આટોબાન ગુએરિકેએ ૧૬૭૨માં કરી અને એક ગન્ધકના દડાને સ્થિર વિદ્યુત વડે ઉત્તેજીત કર્યો. આ સિદ્ધાંતના આધાર પર ઈ.સન ૧૭૪૦માં અંગ્રેજ ભૌતિકશાસ્ત્રી વિલિયમ બાસ્ટન અને અમેરિકન વૈજ્ઞાનિક બેંજામિન ફ્રેંકલિને બતાવ્યું કે દરેક પદાર્થમાં વિદ્યુત સ્થિર હોય છે. જે એક બીજાને ઘસવાથી પેદા થાય છે.



- નકવી સરફરાજ હુસૈન
સાદાત કોલોની, રહેમતપાર્ક, મહુવા.

## જાણવા જેવું

### ★ પેનની શોધ ક્યારે થઈ ?

પ્રથમ ફાઉન્ટેન પેન અમેરિકાના એમ.ઈ. બાટરમેને ઈ.સન. ૧૮૪૪માં તૈયાર કરી હતી. પેનની નિબ ૧૪ કેરેટ સોનાની પરંતુ નિબનો ઉપરનો ભાગ ઈરીડિયન નામની સારી ધાતુનો હતો.

### ★ વિશ્વની સૌથી મોટી હોટલ

વિશ્વની સૌથી મોટી હોટલ મોસ્કોમાં છે, જેનું નામ રશિયા છે. આ હોટલમાં ૧૨ માળ છે. એમાં ૩૧૦૦ ઓરડાઓ છે. આ હોટલમાં ૫,૩૫૦ વ્યક્તિઓને રહેવાની વ્યવસ્થા છે.



- નકવી અલીનવાઝ.એ.
સાદાત કોલોની, રહેમત પાર્ક, મહુવા.

## જાણવા જેવું

### ★ મગજનું વજન

- વ્હેલ માછલીના મગજનું વજન ૭૦૦૦ ગ્રામ.
- હાથીના મગજનું વજન ૫,૨૦૦ ગ્રામ.
- કૂતરાના મગજનું વજન ૧૩૦ ગ્રામ.
- ગેંડાના મગજનું વજન ૬૦૦ ગ્રામ.
- ઉંદરના મગજનું વજન ૪(ચાર) ગ્રામ.
- માણસના મગજનું વજન ૧.૫ કિલો.
- મનુષ્યના શરીરની ચામડી પર ૨૦ લાખ છીદ્ર હોય છે.
- મનુષ્યનાં નખ એક દિવસમાં ૦.૦૦૧૭૧૪ ઈંચ વધે છે.
- મનુષ્યનાં હૃદયનું વજન ફક્ત ૧૦ ઔંશ હોય છે.
- ઝીંગુર એકી વખતે ૧૬ બચ્ચાને જન્મ આપે છે.
- દુનિયામાં ૩૫૦૦ પ્રકારના તિલચટ્ટુઓ પ્રાપ્ત થાય છે.

(હદિસ : પારણાથી લઈ કબ્ર સુધી ઈલ્મ પ્રાપ્ત કરો.)



- ભોજાણી મકસદ રઝા સાદીકઅલી
હાજીનાજી બોર્ડિંગ, ભાવનગર.

## જાણવા જેવું

### ફક્ત એક મીનીટમાં.

- મનુષ્યનું હૃદય એક મીનીટમાં ૭૨ વાર ધબકે છે.
- ગાય, મરઘી, કબુતર અને ઊંદર ક્રમશઃ ૨૦,૫૦,૬૦ અને ૧૩૦ વાર શ્વાસ લે છે.
- દુનિયામાં ઝડપીમાં ઝડપી રેલ્વે ગાડી એક મીનીટમાં ૩ કી.મી. દોડે છે. આ ગાડી ટોકીયોથી ન્યુયોર્ક ફાઈડો લાઈન પર દોડે છે.
- સ્પીરીટ ઓફ અમેરિકા નામની જેટ શક્તિશાળી મોટર ૧૯૭૩માં એક મીનીટમાં પંદર કીલો મીટરની ઝડપથી દોડી હતી.
- એક અમેરિકન જેટ(વિમાન) એક મીનીટમાં સાંઈઠ કીલોમીટર ઉડવાનો રેકોર્ડ સ્થાપ્યો હતો.
- પૃથ્વીએ પોતાની ધરી પર એક મીનીટમાં ૨૭૧ કિ.મી. અંતર કાપ્યું હતું.
- લોખંડ ઓગાળવાના કારખાનામાં એક મીનીટમાં ૬૫૦ ટન કાચુ લોખંડ અને ૧૦૦૦ ટન બીડનું લોખંડ ઓગળે છે.
- એક મીનીટમાં વિશ્વના તેલ કુવામાંથી ૩૬૦૦ ટન ખનીજ તેલ અને ખાણોમાંથી ૪૦૦૦ ટન કોલસો કાઢવામાં આવે છે.
- અવાજ એક મીનીટમાં ૧૨ માઈલની સફર કરે છે.
- એક મીનીટમાં સંસારમાં સાત હજાર છસોને પચ્ચીસ બાળકો જન્મે છે.



- બુખારી જાવેદ અખ્તર અબ્બાસ હુસૈન
રાજસ્થળી, જિ. અમરેલી. સ્વામીનારાયણ મંદીર પાસે, રાજસ્થળી.

# સાચા જવાબો

**વહાલા બાળકો !**

**ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.**

પ્રશ્ન-૧ : કુમ શહેરમાં દફન છે તે ઈમામ રઝા અ.સ.ની બહેનનું નામ શું છે ?
(અ) ફાતેમા

પ્રશ્ન-૨ : ઈમામ રઝા અ.સ.ની બહેન કુમમાં ક્યારે શહીદ થયાં હતાં ?
(અ) સને ૨૩૨ હિજરી

પ્રશ્ન-૩: ઈમામ હસન અસ્કરી અ.સ.ની વિલાદત કયા સને હિજરીમાં થઈ હતી ?
(અ) સને ૨૩૨ હિજરી

પ્રશ્ન-૪: ઈમામ અસ્કરી અ.સ.એ પોતાના કાળમાં કયા વિષય અંગે લખવામાં આવતાં પુસ્તકનો જવાબ આપ્યો હતો ?
(ડ) કુરઆનની આયતોના વિરોધાભાસ વિષયે

પ્રશ્ન-૫: જનાબ મુખ્તારે બંડ પોકાર્યો હતો તેનું કારણ શું હતું ?
(ડ) (અ) અને (ક) બંને સાચા

પ્રશ્ન-૬: જનાબ મુખ્તારના પિતા કયા યુધ્ધમાં ઈસ્લામ કાજે ખપી ગયાં હતાં ?
(અ) ફારસનું યુધ્ધ

પ્રશ્ન-૭: ઈમામ હસન અસ્કરી અ.સ.ની કુલ વય કેટલી થઈ હતી ?
(ડ) ૨૮ વરસ

પ્રશ્ન-૮: ઈમામે રઝા અ.સ.ના બુરખો પહેરનાર (નકાબ/બુકાનીધારી) ફરઝન્દનું નામ શું હતું ?
(ક) મુસા મુબરકાઅ

પ્રશ્ન-૯: ઈમામ અસ્કરી અ.સ.નું અસલી નામ શું હતું ?
(બ) હસન

પ્રશ્ન-૧૦: ઈમામ અસ્કરી અ.સ.ની વાલિદાનું નામ શું હતું ?
(બ) હદીસા

**ગયા અંકના સાચા જવાબની ભુલ સુધારણાં :**

પ્રશ્ન-૧ : કયા પ્રસંગ ઉપરથી સન હીજરીનો પાયો નંખાયો હતો ? (બ) હિજરતે રસુલે ખુદા સ.અ.વ.

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**

E-mail : hadimasik@yahoo.com




# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612
**E-mail : hadimasik@yahoo.com**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*

